મોદી આજે હાઈટેક યુથરેલીથી ચૂંટણી પ્રચારનું રણશિંગું ફૂંકશે

લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ ખાતે મોદીની રેલીમાં એક લાખથી વધુ લોકો પહોંચે તેવી સંભાવના : લોકસભાની ચૂંટણીની ભાજપ દ્વારા આક્રમક તૈયારી

હૈદરાબાદ,તા.૧૦

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદી આવતીકાલે હૈદરાબાદમાં યુથરેલી યોજી લોકસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચારનું રણશિંગુ ફૂંકશે. નરેન્દ્ર મોદીની આ રેલીને લઈને ભાજપમાં જોરદાર ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આની તડામાર તૈયારીઓ ઘણા સમયથી ચાલી રહી હતી જેને પૂરી કરી લેવામાં આવી છે. મોદીની યુથરેલીમાં ૧ લાખથી વધુ લોકો પહોંચે તેવી સંભાવના દેખાઈ રહી છે. ભાજપના સિનિયર નેતાઓ પણ આમા ઉપસ્થિત રહેનાર છે. મોદીની વધતી જતી લોકપ્રિયતા વચ્ચે આ રેલી યોજાનાર છે જેમાં મોદી કોઈ મહત્વપૂર્ણ જાહેરાત પણ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. મોદીની આ રેલીને ભવ્ય અને શાનદાર બનાવવા માટે ભાજપના તમામ કાર્યકરો કમરકસી ચુક્યા છે. આ રેલીમાં તમામ લોકો સુધી સંદેશા પહોંચાડવા માટે હાઈટેક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. હૈદરાબાદના મધ્યભાગમાં લાલબહાદુર સ્ટેડિયમ ખાતે આ રેલી યોજાનાર છે. ભાજપના આંધ્રપ્રદેશ યુનિટે ઉત્તરાખંડમાં મદદરૂપ થવા માટે આ રેલી માટે પાંચ રૂપિયાની ટિકિટ રાખી છે. ભાગ લેનારને પાંચ રૂપિયાની ટિકિટ મેળવવાની રહેશે.

જાણકાર નિષ્ણાંતોના જણાવ્યા મુજબ એક લાખ લોકો આ બેઠકમાં હાજરી આપવા પહોંચે તેવી શક્યતા છે. સ્ક્રીન પર આ સમગ્ર પ્રક્રિયાને નિહાળવા માટે ભાગ લેનાર લોકો માટે લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમમાં વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સિનિયર નેતાઓની ઉપસ્થિતિને લઈને સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. ભાજપના જે વરિષ્ઠ નેતાઓને પહેલાથી જ જવાબદારી સોંપવામાં આવી છે તે તૈયારીમાં વ્યસ્ત છે. લોકસભાની ચૂંટણીની તૈયારી રૂપે આ રેલીને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

ડીસામાં એડવોકેટ પર હુમલાની ફરીયાદ ઉત્તર પોલીસે બંને પક્ષોની નોંધી ફરીયાદ

ડીસા, તા.૧૦

વેપારી મથક ડીસામાં ગત મોડી રાત્રીએ બનેલ એક હુમલાના બનાવમાં જાણીતા એડવોકેટ દ્વારા અંદાજીત ૧૦ જેટલા હુમલાખોરો વિરૂધ્ધ ઉત્તર પોલીસ મથકે રાયોટીંગની ફરિયાદ નોંધાવી છે. તકરારનું કારણ એક પ્લોટ છે. જેની હાલની અંદાજીત કિંમત રૂપિયા ૫૦ લાખથી વધુ થાય છે. આ પ્લોટ મામલે એડવોકેટ અને આ પ્લોટનું પ્રોપર્ટી કાર્ડ ધરાવતા વેપારીઓએ અગાઉ સીવીલ કોર્ટમાં દિવાની દાવાઓએ એક બીજાનો પક્ષ રજુ કરી દિવાની દાવાઓ દાખલ કરેલ છે. જે પૈકીનો એક દાવો નીચલી કોર્ટના ચુકાદા બાદ ઉપલી કોર્ટમાં અપીલમાં વિચારણાધિન છે ત્યારે આ જમીન મામલે વિવાદ સર્જાતા ઉત્તર પોલીસો એડવોકેટની રાયોટીંગની જયારે વેપારીની ધાકધમકીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરેલ છે.

કેસની વિગતો એવી છે કે ડીસાની પીપાજીનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નંબર ૧૩ રેવન્યુ સર્વે નંબર ૧૦૪ સીટી સર્વેમાં હાલની તાજા સ્થિતિએ હિતેશભાઈ હરેશભાઈ જોષી અને તેમના પરિવારજનોના નામે છે. આ જમીન વિવાદ વર્ષ ૧૯૮૯થી શરુ થયો હતો. જેમાં આ પ્લોટ હરીશભાઈ રામજીભાઈ જોષીએ એક અન્ય પાર્ટી પાસેથી વેચાણ દસ્તાવેજે લીધો હતો જો કે હરીશભાઈ જોષીને પ્લોટ વેચનાર ઈસમે બાજુમાં જ રહેતા એડવોકેટ ગંગારામભાઈ પોપટને પણ એક બાના ખતે આ પ્લોટ વેચાણ લખી આપ્યો હતો અને તે બાદ આ પ્લોટના માલીકી હક બાબતે ડીસાની સીવીલ કોર્ટમાં બંને પક્ષોએ પોતાના દાવા પ્રતિદાવા દાખલ કરી પ્લોટના માલિક અને કબ્જેદારો તેઓ હોવાનું જણાવ્યું હતું. જો કે નીચલી કોર્ટમાં હરીશભાઈ જોષી પરિવારનો દાવો જે તે વખતના એડીશનલ સિવિલ જજ કે.જે. દરજીએ અંશતઃ મંજુર રાખ્યો હતો અને પ્રતિવાદી કે અન્યોને વાદી એવા હરીશભાઈ જોષી પરિવારના કબ્જા ભોગવટાવાળા આ પ્લોટમાં પ્રવેશ કરવાની મનાઈ ફરમાવી હતી. કોર્ટે એવું પણ ઠરાવ્યું હતું કે વાદી એવા હરીશભાઈ જોષીને આ પ્લોટને ઉપયોગ કે ઉપભોગ કરતાં અટકાવવા નહીં જો કે આ હુકમથી નારાજ થઈ પ્રતિવાદી એવા સામાવાળાઓ ઉપલી કોર્ટમાં અપીલ કરેલ છે. જેમાં ૨૦૦૫માં સીવીલ કોર્ટે કરેલ હુકમ ઉપલી કોર્ટમાં અપીલમાં પેન્ડીંગ છે. જો કે ગત રાત્રીએ પીપાજીનગર સોસાયટી ખાતે એડવોકેટ ગંગારામભાઈ પોપટના ઘરે કેટલાક ઈસમોએ આ પ્લોટ બાબતે તકરાર ઉભી કર મારામારી કરી હતી અને તેમના મકાનના કાચ અને દિવાલ તોડી નુકશાન પહોંચાડયું હતું. એટલું જ નહીં હુમલાખોરોએ એડવોકેટના હાથ પર ઈજા પહોંચાડી હતી. આ કહેવાતા આક્ષેપોવાળી પોલીસ ફરિયાદ એડવોકેટ ગંગારામભાઈ પોપટે ડીસા ઉત્તર પોલીસ મથકમાં નોંધાવી હતી. જે ફરીયાદ આધારે ડીસા ઉત્તર પોલીસે કહેવાતા આરોપી હિતેશ હરીશભાઈ જોષી અને અન્ય અજાણ્યા ૧૦ ઈસમો વિરુધ્ધ ગુનો દાખલ કર્યો હતો આ બાબતે વધુ તપાસ ડીસા ઉત્તર પોલીસ મથક પી.આઈ. જે.ડી. સુતરીયા ચલાવી રહ્યા છે.

નાગરિક વિકાસમંચ વેબસાઈટનું ઉદ્‌ઘાટન

ગુજરાતના નાગરિકોના સળગતા પ્રશ્નો, નાગરિકોને મળવાપાત્ર લાભોમાં થતો અન્યાય, કર્મચારીઓનું શોષણ વગેરે જેવા મુદ્દાઓને વાચા નાગરિક વિકાસમંચની વેબસાઈટનું અમદાવાદના એએમએ ખાતે સ્મિતાબેન શાસ્ત્રી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. હાલ આ વેબસાઈટ ગુજરાત રાજ્ય પુરતી છે. ગુજરાતના તમામ જિલ્લાઓમાં નાગરિક વિકાસમંચના પ્રતિનિધિ મુકવામાં આવ્યા છે જે આ વેબસાઈટની માહિતી આપશે.

સરકારી કચેરીઓમાં સ્ટાફની ઘટ પુરવા આવતા દસ વર્ષ માટે ભરતી કરવા કેલેન્ડર તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ઉભી થનારી સ્ટાફની જરૂરીયાતને પુરી કરવા માટે આવતા દસ વર્ષ માટેનું રીક્રુટમેન્ટ કેલેન્ડર તૈયાર કરવા માટે સંબંધીત વિભાગોને આદેશો આપવામાં આવ્યા છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કરકસરના પગલારૂપે રાજ્ય સરકાર દ્વારા પાછલા છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન ભરતી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. બીજી બાજુ સરકારમાં મોટા પ્રમાણમાં કર્મચારીઓ વયનિવૃત્ત થતા સરકારી કચેરીઓમાં વિવિધ સંવર્ગોમાં સ્ટાફની મોટી અછત ઉભી થવા પામી હતી.

સ્ટાફની આ અછત પુરવા માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ચાર પાંચ વર્ષથી વિદ્યાસહાયક પેટર્નથી કેટલાક વિભાગોમાં અમુક સંવર્ગની ભરતી કરવામાં આવી હતી. આમ છતાં પણ સરકારી કચેરીઓમાં કામના ભારણ સામે સ્ટાફની હજુ ઘણી અછત વર્તાઈ રહી હોવાની રજુઆતો કેટલાક વિભાગો દ્વારા કરવામાં આવેલી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારે તમામ વિભાગોના વડાઓને તેમના વિભાગ અને તાબા હેઠળની કચેરીઓમાં વિવિધ સંવર્ગની કેટલી જગ્યાઓ મંજુર થયેલી છે, કેટલી જગ્યાઓ ભરાયેલી છે, કેટલી જગ્યાઓ ખાલી છે અને આગામી વર્ષોમાં કેટલા સ્ટાફની જરૂરીયાત ઉભી થશે એ વિગતો સાથે આગામી ૧૦ વર્ષમાં કેટલી ભરતી કરવાની થશે એ અંગેની વિગતો મોકલી આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

આ વિગતો વિભાગો પાસેથી આવ્યા બાદ સરકારી કચેરીઓમાં વિવિધ સંવર્ગમાં આગામી દસ વર્ષ દરમ્યાન કેટલી ભરતી કરવાની થશે એ અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે. આથી તમામ વિભાગોને આ વિગતો આગામી દસ દિવસમાં મોકલી આપવા માટે તાકીદ કરવામાં આવી છે.

આ ઉપરાંત વિવિધ વિભાગો સહીતની સરકારી કચેરીઓમાં કેવા પ્રકારના સ્ટાફની ભરતી કરવાની થશે એ વિગતોને ધ્યાને રાખીને કચેરીઓને તેમની લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તે માટે શૈક્ષણિક સંસ્થાઓમાં આવા અભ્યાસક્રમો શરૂ કરવા માટે પણ સક્રિય વિચારણા રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સ્ટાફના પ્રકારને ધ્યાને કરીને શૈક્ષણિક સંસ્થાઓમાં કેવા અભ્યાસક્રમો શરૂ કરવાની જરૂરીયાત છે તેનો અભ્યાસ કરવામાં આવ્યા બાદ આવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે અને લાયકાત ધરાવતા ઉમેદવારો તૈયાર કરીને ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સ્વતંત્રા દિવસ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે રાષ્ટ્રીય ભાવના જગાવવાના હેતુસર હાલમાં બાળકોને રાષ્ટ્રીયધ્વજ બનાવવા કહેવામાં આવ્યુ છે.

બોપલ : ૧૧ જુગારીઓ અંતે મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા

અમદાવાદ, તા.૧૦

શહેરના બોપલ વિસ્તારમાં ગત સાંજે પોલીસ અધિકારીઓએ પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળતા બોપલ વિસ્તારના જે.પી. ફાર્મ સામેના મકાનમાં જુગાર રમતા ૧૧ શખ્સોને ઝડપી પાડ્યા છે. જુગાઈઓ પાસેથી રોકડ રકમ સહિત કુલ મુદ્દામાલ ૧,૮૬,૫૯૦ને પણ જપ્ત કરાયો હતો. પરંતુ તમામ જુગારી પૈકી મુખ્ય સુત્રધાર હાલમાં ફરાર છે. તેને પકડવા માટેની તજવીજ શરૂ કરી દેવાય છે. હાલમાં બોપલ પોલીસ ૧૧ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી વિગત અનુસાર, શહેરમાં દિવસે દિવસે વધી રહેલ ગુનાના અંતર્ગત પોલીસ અધિકારીઓ વધુ સતર્ક થયા છે. ત્યારે ગત મોડી સાંજે બોપલ પોલીસના પીઆઈ અતુલ વાળંદ સહિત પોલીસના અન્ય જવાનો પેટ્રોલીંગ માટે બોપલ વિસ્તારમાં તપાસ કરતા હતા ત્યારે ખાનગી બાતમીના આધારે પોલીસ અધિકારીઓએ જેપી ફાર્મની સામે આવેલ ગુરૂકૃપા ઓટો મોબાઈલની બાજુનાં મકાનમાં દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન મકાન માલિક ચેતનભાઈ મહેન્દ્રકુમાર ઠાકોરના ઘરમાં ૧૧ જુગારીઓ જુગાર રમતા હતા. પોલીસને સામે જોતાં જ તમામ જુગારીઓના હોશકોશ ઉડી ગયા હતા. તેમજ આ જુગાર રમવામાં મુખ્ય સુત્રધાર એવા મકાન માલિક ચેતનભાઈ રઘુચક્કર થઈ ગયા હતા. ઝડપાયેલા તમામ જુગારીઓ પાસેથી રોકડ રકમ ૧,૪૦,૦૦૦ મળી આવી હતી જ્યારે મોબાઈલ સહિત કુલ રકમ ૧,૮૬,૫૯૦ને બોપલ પોલીસે કબજે કરીને તમામ જુગારીને ઝડપી પાડ્યા હતા.

અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાથી ઠંડક પ્રસરી

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેર સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં આજે વરસાદ પડ્યો હતો. અમદાવાદમાં આજે બપોર પછી અવારનવાર વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડ્યા હતા. અમદાવાદમાં મોસમનો કુલ વરસાદ આજ સુધીમાં ૨૯ ઈંચ નોંધાયો છે. હવામાન વિભાગે ચેતવણી ઉચ્ચારી છે કે આગામી ૧૨ કલાક રાજ્યના તમામ જિલ્લા, દમણ અને દાદરા-નગર-હવેલીમાં અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે દિવસ દરમિયાન આકાશ વાદળછાયું રહ્યું હતું અને બપોરે તથા સાંજે અવારનવાર વરસાદના ઝાપટા પડ્યા હતા. અમદાવાદમાં આજે પશ્ચિમ જોનમાં પાલડી ચાર રસ્તા પાસે સીએનજી પંપની બાજુમાં એક ઝાડ પડી ગયું હતું. આ ઉપરાંત પશ્ચિમ ઝોનમાં જ પાલડી મહાલક્ષ્મી ચાર રસ્તા આગળ ભગવતી ચેમ્બર પાસે ભૂવો પડ્યો છે અને વાસણામાં જે.જી. હાસ કોલેજ આગળ લાઈનમાં બ્રેકડાઉન હોવાથી ભૂવો પડ્યો છે. જ્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વડોદરામાં ૩૮.૧ મીમી, વલસાડમાં ૧૯ મીમી, રાજકોટમાં ૧૯.૬ મીમી અને ઓખામાં ૧૦.૭ મીમી વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત અન્ય વિસ્તારોમાં વરસાદના હળવા ઝાપટા પડ્યા હતા. હવામાન વિભાગની આગાહી છે કે રાજ્યના તમામ જીલ્લા, દીવ, દમણ, દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના મધ્યમથી ભારે ઝાપટા પડવાની શક્યતા છે.

હવે પાટણ યુનિવર્સિટીમાં ચાલશે પાલનો જ આદેશ

અમદાવાદ, તા.૧૦

ગુજરાત યુનિવર્સિટીના વિવાદાસ્પદ પૂર્વ કુલપતિએ રાજીનામું આપ્યા બાદ આજે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના અંગ્રેજી અને ડાયલ્યોર વિભાગનાં વડા તરીકે ચાર્જ સંભાળ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિયુક્તિ પહેલા આદેશપાલ પાટણ યુનિવર્સિટીમાં અંગ્રેજી વિભાગના વડા તરીકે ફરજ બજાવતા હતા.

જ્યાં વારંવાર વિવાદમાં રહેવાના કારણે તેમને બે વાર સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા હતા. જો કે મજબુત રાજકીય પીઠબળ ધરાવતા હોવાનાં કારણે ૩૧ ઓગસ્ટ ૨૦૧૨માં ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ તરીકે નિમણુંક મળી હતી. ત્યારથી લઈ તેઓ પોતાના નિર્ણયો અને એક હથ્થુ શાસન માટે સતત વિવાદમાં રહેતા હતા. જેના કારણે અંતે રાજ્ય સરકારે ૮ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ તેમનું રાજીનામું લઈ લેવાની ફરજ પડી હતી. પરીણામે આદેશપાલ ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ તરીકે ત્રણ વર્ષનો કાર્યકાળ પુરો કરે તે પહેલા જ તેમને પાટણ યુનિવર્સિટીમાં પરત ફરવાની ફરજ પડી છે.

શબ્દાવલી - ૫૧૪૬



આડી ચાવી

૧. વીજળી, વીજ (૩)
૩. કમી, અશક્તિ (૪)
૬. કામ કરવાની વૃત્તિના હોય તેવા (૪)
૭. ચાહવું તે (૨)
૮. એક ધાન્ય (૨)
૯. ગીતનો ઢાળ, સંગીતનો સૂર (૨)
૧૦. અડધાનું પણ અડધું (૧)
૧૧. દૂધ ગરમ થતાં ઉપર વળતી તર (૩)
૧૪. બિમાર માણસે ખાસ પીવાય (૨)
૧૫. પૃથ્વી, ધરતી (૨)
૧૬. પાણીનો ઝરો કે સેર (૪)
૧૯. ફરજ (૫)
૨૧. જટીલ, મીણબત્તી (૨)
૨૨. દેહ, તન (૩)

ઊભી ચાવી

૧. આણુ, દહેજ, કરિયાવર (૨)
૨. આણુ, શાદી (૩)
૩. એક ફરસાણ (૩)
૪. કંટાળી બોલાતો એક તોછડો શબ્દ (૨)
૫. રીજવવું તે, મનામણા (૪)
૭. ચાગલા થવું, ... કરવી (૪)
૮. જમડા, ધર્મરાજના સેવક (૨)
૯. સીતાપતિ, શ્રી... (૨)
૧૧. સાવધાન (૫)
૧૩. સારવાર (૩)
૧૪. એક ફળ (૪)
૧૭. પાણી (૨)
૧૮. મડદુ, મૃત શરીર (૨)
૨૦. શ્રાદ્ધમાં કામ... નંખાય (૨)

શબ્દાવલી ૫૧૪૫ના જવાબ

આડી ચાવી :- (૧) વસ્ત્રાલંકાર (૪) હા (૫) કેક (૬) યાદી (૮) મહેશ (૧૦) કારાવાસ (૧૨) વાંચનાલય (૧૩) સંતલસ (૧૫) ગળી (૧૮) દામન (૨૦) આચરણ (૨૧) યમ (૨૨) બજર

ઊભી ચાવી :- (૧) વહેમ (૨) લંકેશ (૩) કાક (૬) યારાના (૭) દિવાલ (૯) હેરત (૧૦) કાચ (૧૧) સય (૧૨) વાંસળી (૧૩) સંપ્રદાય (૧૪) લગન (૧૬) ખેચર (૧૭) તણખો (૧૯) મમ (૨૦) આજ

કંપની સમાચાર

પેનાસોનિક પશ્ચિમ ભારતમાં તેનું સ્થાન મજબૂત કરે છે

પેનાસોનિક ભારતના બજારને સાનુકૂળ નિવડે તેવી અદ્યતન ટેકનોલોજી ઓફર કરીને ગ્રાહકોને મૂલ્ય પૂરું પાડવાની નિષ્ઠા ઘણા સમયથી દાખવી રહ્યાં છે. આ બ્રાન્ડ છેલ્લા ત્રણ વર્ષમાં તંદુરસ્ત વિકાસ દાખવીને પશ્ચિમ ભારતમાં અસરકારક બજાર હિસ્સો હાંસલ કરી રહી છે. ગુજરાત તેના મહત્વનો ગ્રોથ માર્કેટ છે અને એ કુલ આવકમાં ૧૧ ટકા હિસ્સો પ્રદાન કરે છે. કંપની માટે રાજ્ય કન્ઝ્યુમર ડ્યુરેબલ સેગમેન્ટમાં અને ખાસ કરીને ટીવી તથા એસીની વિવિધ કેટેગરીમાં ગ્રાહકોની ખરીદશક્તિ વધવાના કારણે આકર્ષક તકો પૂરી પાડી રહ્યું છે.

અદ્યતન ટેકનોલોજીકલ ઈનોવેશન ઓફર કરવાના પ્રયાસ કરીતે પેનાસોનિકે અમદાવાદમાં તેની વિએરા ટીવી રેન્જની નવી ડીટી-ઈટી સિરિઝ રજૂ કરી છે. નવી રજૂ કરાયેલ ટીવી વપરાશકારો માટે વ્યાપક ઈન્ટેકશન અને પર્સનલાઈઝેશન પૂરું પાડે છે. નવી રેન્જની કિંમત રૂા. ૬૫,૦૦૦ થી રૂા. ૨૫,૦૦૦ રાખવામાં આવી છે અને કંપની આ વર્ષે એલઈડી મોડલ્સમાં વૃદ્ધિની અપેક્ષા રાખી રહી છે. આ ક્ષેત્રે મજબૂત સંભાવનાને કારણે બ્રાન્ડ રાજયમાં ફલેટ પેનલ સેગમેન્ટમાં ૧૫ ટકા બજાર હિસ્સો હાંસલ કરવાની અપેક્ષા રાખે છે. એસી કેટેગરીમાં કંપનીએ તેની અનોખી ઉર્જા બચત ધરાવી ઈકોનેવી ટેકનોલોજી દ્વારા નવું સિમાચિહ્ન સ્થાપ્યું છે.

ટૂરિઝમને પ્રોત્સાહન આપવા પશ્ચિમ બંગાળ સરકારનો અમદાવાદમાં રોડ શો

પશ્ચિમ બંગાળ સરકારના ટૂરિઝમ વિભાગે દેશના મહત્વના શહેરોમાં રોડ શો યોજવાના ભાગરૂપે ફિક્કીના સહયોગથી શનિવારે અમદાવાદમાં હોટેલ કર્ટયાર્ડ મેરિયટ ખાતે ત્રીજા રોડ શોનું આયોજન કર્યું છે. પશ્ચિમ બંગાળ ટૂરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ટૂરિઝમ વિભાગના મેનેજીંગ ડિરેકટર શ્રી ભિષ્મદેવ દાસ ગુપ્તા આ રોડ શોનું ઉદઘાટન કરશે. આ પ્રસંગે પશ્ચિમ બંગાળના ટૂરિઝમ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, ટૂર ઓપરેટરો, હોટેલ માલિકો અને એરલાઈન્સના માલિકો હાજર રહેશે. અમદાવાદ શહેરના અગ્રણી મહેમાનો પણ ઉપસ્થિત રહેશે. પ્રથમ રોડ શો ગત ૬-૭ જુલાઈએ હૈદરાબાદમાં અને બીજો રોડ શો ગત ૨૦-૨૧ જુલાઈએ ચેન્નઈમાં યોજાયો હતો. દેશભરમાં આ રોડ શોનું સમાપન ૧૭-૧૮ ઓગષ્ટ, ૨૦૧૩ના રોજ થશે.

રોડ શો દરમિયાન ટૂરિઝમ માટે આકર્ષણ સમાન કાર્યક્રમો અને સ્થળો વિષે વાત થશે. જો કે તેમાં કેન્દ્રસ્થાને પશ્ચિમ બંગાળનો સૌથી મોટો સામાજિક-સાંસ્કૃતિક ઉત્સવ દુર્ગા પૂજા ઉત્સવ રહેશે. પશ્ચિમ બંગાળ ટૂરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશને આ રોડ શોમાં ૧૭ પૂજા પેકેજ રજૂ કર્યા છે. કોઈ પણ વ્યકિત આ પૈકી કઈ પણ પેકેજ અતંર્ગત તેમની ટ્રીપ પશ્ચિમ બંગાળ ટૂરિઝમના કાઉન્ટર પર તાત્કાલિક બુક કરાવી શકે છે. એ જ રીતે એર ઈન્ડિયા, આઈઆરસીટીસી, ફાઈવ સ્ટાર કેટેગરીની હોટલ અને અન્ય રિવર ક્રુઝર્સ સહિતના ટૂર ઓપરેટરોએ અમદાવાદના લોકોને કોલકાતા અને પશ્ચિમ બંગાળના અન્ય શહેરમાં દુર્ગા પૂજા ઉત્સવની ઉજવણીમાં જોડાવા માટે આ રોડ શો દરમિયાન તેના પોતાના પેકેજની જાહેરાત કરી છે.

વિલંબ અસહ્ય બન્યો છે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ક્ષમતાનો રેડીયલ વેલ ફતેહપુરા ખાતે બનાવવામાં આવેલ. ૧૯૯૪-૯૫ના વર્ષ સુધીમાં ગાંધીનગરની શહેરની વસ્તીના પ્રમાણમાં વધારો ધ્યાને લઈ બીજો એક ૧૦ એમ.જી.ડી. ક્ષમતાનો રેડીયલ વેલ સરિતા ઉદ્યાન ખાતે બનાવવામાં આવેલ છે જે ૧૯૯૯માં તૈયાર થઈ ગયેલ, પરંતુ તેવા સમયે સાબરમતી નદી સુકાઈ જતા બંને રેડીયલ વેલ કામ કરતાં બંધ થઈ ગયા હતાં, સરિતા ઉદ્યાન ખાતે રેડીયલ વેલ તો લાખો રૂપિયાના ખર્ચે બનાવેલ અને એક પણ દિવસ ગાંધીનગર શહેરને પાણી પુરવઠો આપી શકયો નથી. જો ઈન્દ્રોડા બેરેજ સમયસર બનાવવામાં આવેલ હોત તો ગાંધીનગર શહેરને નર્મદા આધારીત પાણી પુરવઠો લેવો ન પડત અને હયાત બંને વેલ ચાલુ હોત. અને ગાંધીનગર શહેરને શુધ્ધ પાણી પુરું પાડી શકાયું હોત.

હજુ પણ વહેલામાં વહેલી તકે ઈન્દ્રોડા બેરેજ દ્વારા પાણી પુરું પાડવામાં આવે તો ગાંધીનગર શહેરમાં નર્મદા અને જી.ડબલ્યુ.આઈ.એલ. પાસેથી મોંઘી કિંમતે પાણી પુરવઠો મેળવવો પડે નહિ અને ગાંધીનગર શહેરની પાણી અંગેની મુશ્કેલીઓ દુર કરી શકાય અને જિલ્લાના ભૂગર્ભ જળની સપાટી પણ ઉપર આવે અને ભૂગર્ભ જળના પાણીની ગુણવત્તામાં સુધારો આવી શકે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પાણીની સમસ્યા હલ કરવા માટે અને શહેરની સૌંદર્યતામાં વધારો કરવા માટે જેમ વાસણા બેરેજ બનાવી કુદરતી સંશોધનોનો સમયસર અને સદઉપયોગ કર્યો હોવાના કારણે હાલમાં શહેરીજનોને ઘણો લાભ મળ્યો છે.

અગ્નિશમન અંગેની ગંભીરતા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આધારિત ઉદ્યોગો ધરાવે છે તેથી આગ લાગવાની શક્યતા પણ વધુ ધરાવે અગ્નિશમન અંગે ગંભીરતા જરૂરી છે. ગુજરાતમાં શહેરીકરણની સાથે મોટા પ્રમાણમાં ઔદ્યોગિકરણ થયું છે તેની સાથે વાપી, અંકલેશ્વર, દહેજ, વટવા, નરોડા જેવી ઔદ્યોગિક વસાહતો પણ વધી છે ત્યારે આગ લાગવાના કિસ્સાઓમાં જે અગાઉથી તૈયારી હોય તથા જરૂરી તાલીમ સાથેનું માનવબળ તૈયાર હોય તો માનવ ખુમારી સાથે સાથે થતાં નુકસાનને પણ ઘટાડી શકાય છે. તેમાં જણાવી જીએસીએમએનાં સીઈઓ ડો. આર. બેનર્જીએ ઉમેર્યું કે આગ લાગે તેની રાહ ન જોવાય તેના માટે તૈયાર રહેવું પડે તો જ સંભવિત પડકારોને પહોંચી વળાશે. સ્વાગત પ્રવચન કરતાં ફાયર પ્રોટેકશન એસોસિએશન ઓફ ઈન્ડિયાનાં પ્રમુખ નીતિન સોનીએ જણાવ્યું કે આજના આધુનિક સમયમાં ફાયર સેફટીના આંતરરાષ્ટ્રીય કક્ષાનાં સાધનો ઉપલબ્ધ છે. ત્યારે આપણા દેશમાં આગ લાગવાની ઘટના બને તેનો પ્રતિભાવ આપવા માટેની પૂરેપૂરી સજજતા કેવી રીતે કેળવી શકાય તથા સાધનો અને માનવ બળનો સમન્વય કરી તેનો શ્રેષ્ઠતમ ઉપયોગ કેવી રીતે કરી શકાય. તે અંગેના પડકારો અને સમસ્યાઓનું શ્રેષ્ઠ રીતે શમન કરી શકાય તે અંગેનાં વિચારોનાં આદાન-પ્રદાન કરવા માટેનો આ સેમિનારનો ઉદ્દેશ છે.

કંટ્રોલ પ્રોજેક્ટ બનશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વર્ષમાં આઈ.આઈ.ટી. પણ આરંભાઈ રહી હોવાથી તંત્રએ હવે પ્રોજેક્ટને ફાસ્ટ ટ્રેકના મિશન મોડ પર લઈ બધી જ કામગીરી આરંભી દીધી છે.

MEGAના ટેલીકોમ્યુનિકેશન હેડ અતુલ કામદારના જણાવ્યા -માણે મેટ્રો રેલના -થમ તબક્કાનું કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્ક ઓકટોબરમાં શરૂ થશે. આ નેજેક્ટમાં ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ કરોડરજ્જુ સમાન છે. મેટ્રો નેટવર્કની ઓપરેશનલ તથા વહીવટીય જરૂરિયાતો પૂરી કરવા માટે ટેલિકોમ્યુનિકેશન સેવાઓ આપશે.

મેટ્રો રેલ નેજેક્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે યોજના માટે અંદાજીત ૯૮.૬ હેકટર જમીનની આવશ્યકતા રહેશે, જે તમામ જમીન સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીની છે. ઓપરેશનલ અને મેઈનટેનન્સની સુવિધા માટે ત્રણ સંપૂર્ણ ડેપો કમ વર્કશોપનું આયોજન ઈન્દ્રોડા, મોટેરા અને ઈસનપુરમાં થઈ રહ્યું છે. એક અન્ય સ્ટેબ્લિંગ કમ ઈન્સ્પેકશન ડેપોનું આયોજન થઈ રહ્યું છે.

બ્લોક કોસ્ટ એસ્ટિમેટમાં મેટ્રોરેલ નેજેક્ટનો કુલ ખર્ચ ૧૯,૦૦૦ કરોડ આંકવામાં આવ્યો છે જેમાં ૧૧૪૦૦ કરોડ ઈક્વિટી છે અને ૭૬૦૦ કરોડ દેવા મારફતે લેવાશે. -થમ તબક્કામાં ૧૦૭૮૯ કરોડ ખર્ચવાનું આયોજન છે. બીજા તબક્કામાં ૮૨૧૧ કરોડ ખર્ચાશે.

પોલીસની તાલીમ શિબિર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

થયેલા આતંકી હુમલાઓ તથા તેમાં વપરાયેલી પધ્ધતિઓ ઉપરાંત અન્ય નાની નાની બાબતો પર ધ્યાન રાખી સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવા એસ.પી.એ સુચન કર્યું હતું. બંદોબસ્ત દરમિયાન આસપાસની તમામ શંકાસ્પદ હિલચાલ, બિનવારસી વાહન, લારી-ગલ્લા, ટ્રાફીક કે શંકાસ્પદ અન્ય કોઈ પણ ચીજવસ્તુ પર ખાસ નજર રાખવી તે ઉપરાંત આસપાસના ઝાડ પર કોઈ ચીજવસ્તુ શંકાસ્પદ રીતે લટકતી હોય કે ઘાસના મેદાનમાં કોઈ તાજુ ઘાસ અલગ રંગનું દેખાઈ આવે તેવી તમામ વાતોનું ઝીણવટભરી રીતે નિરીક્ષણ કરવા એસ.પી. શરદ સિંઘલે સુચન કરીને તાલીમ આપી હતી.

ટચૂકડી જાહેર ખબર

પ્લોટ તથા ફ્લેટ વેચવાનો છે

સેક્ટર-૨૮, ઘ-૬ કોર્નર ૨૩૫ વારનો પ્લોટ તથા સે-૪/ડીમાં ફ્લેટ વેચવા તથા ભાડે આપવાના છે.
સમય : ૯.૦૦ થી ૬.૦૦
-: સં